# 3 સહ્યાદ્રિ પર્વતમાળાની માનવતાની મહેંક

## સ્વાધ્યાય

### મૌખિક

**૧. તમારામાંથી કોઈએ જંગલની મુલાકાત લીધી હોય કે 'જંગલ-સફારી' અનુભવ લીધો હોય તો તે જણાવો.**

ઉ.દા. સાસણ ગીર, રણથંભોર, જીમ કોર્બેટ, કેરળ-મુન્નાર, કુર્ગ વગેરે

**૨. જંગલનું વાતાવરણ કેવું હોય છે ?**

જંગલનું વાતાવરણ લીલોતરીવાળું નૈસર્ગિક હોય છે.

**૩. આપણા દેશની કેટલીક પર્વતમાળાઓ વિષયક માહિતીની ચર્ચા કરો.**

અરવલ્લીની પર્વતમાળાઓ, હિમાલયની પર્વતમાળાઓ.

**૪. શું તમે અરવલ્લીની પર્વતમાળાઓ જોઈ છે ?**

હા અરવલ્લીની પર્વતમાળાઓ જોઈ છે. હિલસ્ટેશન 'આબુ' ત્યાં આવેલું છે.

### લિખિત

**૧. નીચે આપેલા દરેક પ્રશ્નનો જવાબ એક વાક્યમાં લખો.**

**૧. નિશાળના ઓરડામાં બેસીને કેટલાંક બાળકો શું બનાવતાં હતાં ?**

નિશાળનાં ઓરડામાં બેસીને બાળકો વાંસની પટ્ટીઓ અને પાંદડાંમાંથી પતરાળાં જેવું કંઈક બનાવતાં હતાં.

**૨. નિશાળમાં ભણતાં બાળકોની કઈ મુશ્કેલીઓ થંડપ્પાએ જણાવી ?**

થંડપ્પાએ કહ્યું કે ચોમાસામાં જવા-આવવાની મુશ્કેલી તો છે જ પણ કપડાં પલળી જાય અને બીજાં કપડાં ન હોય તો બાળકો બીજા દિવસે શાળાએ આવી શકતાં નથી.

**૩. બાળકોએ શ્રીમતી સુધા મૂર્તિ પાસે શું માંગ્યું ?**

બાળકોએ શ્રીમતી સુધા મૂર્તિ પાસે કમ્પ્યુટર શીખવા માટે કન્નડ ભાષામાં ચોપડી માંગી.

**૪. થંડપ્પાએ બહેનને કયું શરબત પીવા માટે આપ્યું ?**

થંડપ્પાએ બહેનને કોકમના ફળમાંથી બનાવેલું લાલચટ્ટક શરબત પીવા માટે આપ્યું.

**૫. શ્રીમતી સુધા મૂર્તિએ વડીલ આદિવાસીના કયા સંસ્કારની નોંધ લીધી ?**

વૃદ્ધ થંડપ્પાની આગતાસ્વાગતા માણી, તેમના જીવનમાં આતિથ્યભાવનાની પદ્ધતિ જન્મજાત હતી.

થંડપ્પાનો કૃતજ્ઞતાનો ભાવ (ઉપકારનો બદલો વાળવો) જોઈ શ્રીમતી સુધા મૂર્તિએ આવા જન્મજાત સંસ્કારની નોંધ લીધી.

૨. **નીચેના દરેક પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો. (આશરે પાંચથી છ વાક્ય)**

**૧. સહ્યાદ્રિ પર્વતમાળાની 'ચોમાસાની સુંદરતા'નું વર્ણન પાઠના આધારે લખો.**

સહ્યાદ્રિ પર્વતમાળાની ચોમાસાની સુંદરતા : સહ્યાદ્રિની પર્વતમાળાનાં જંગલો અત્યંત ગાઢ છે, તેમજ ભરબપોરે તડકો ન પ્રવેશે કે ન તો ગરમી લાગે એવાં ગીચોગીચ ઝાડ-પાન-વેલીઓથી ભરપૂર છે. અહીં ચોમાસામાં એવું લાગે કે જાણે પ્રભુએ સૌંદર્યની છૂટા હાથે લહાણી કરી છે ! ભરાવદાર, ઊંચા, લીલાંછમ વૃક્ષો, ચારેબાજુએ લીલોતરી, ફૂલો, પક્ષીઓના કલરવનું મધુર સંગીત... શીતળ, મંદ-મંદ પવનની લહેરખીના ધીમા સુસવાટાથી મન ભરાઈ જાય, એવા આનંદની અનુભૂતિ થાય તેવાં આ પર્વતમાળાનાં જંગલો છે.

**૨. ગામડાની નિશાળ કેવી હતી ?**

ગામડાંની નિશાળ એટલે જૂનીપુરાણી અને જર્જરિત બાંધકામવાળી હતી. નિશાળનું મકાન એટલે કે આદિવાસીઓએ જાતે નળિયાં, વાંસ અને પુળાથી બાંધેલુ મકાન જેવું માળખું. તેમાં થોડી ખુરશીઓ, બે ટેબલ, એક 'કાળું પાટિયું', બહાર પાણીનું કાળું માટલું, ડોયો અને બે-ત્રણ પવાલાં. લાઈટ કે પંખાની કોઈપણ પ્રકારની સગવડ નહિ. એક દિવાલમાં મોટું બકોરા જેવું કાણું તે જ બારીની ગરજ સારે ! થોડો હવા-ઉજાસ અને પવન ત્યાંથી આવે તેવી વ્યવસ્થા હતી. આમ, ગામડાની નિશાળ તદ્દન કાચા સામાનમાંથી બનાવેલા મકાનવાળી હતી.

**૩. સહ્યાદ્રિ પર્વતમાળાના પ્રદેશની શિયાળાની મુલાકાતના વખતે ગામડાના બાળકે શ્રીમતી સુધા મૂર્તિ પાસે કઈ માગણી કરી ? શા માટે ?**

સહ્યાદ્રિ પર્વતમાળાના પ્રદેશની શિયાળાની મુલાકાતના વખતે ગામડાના બાળકે શ્રીમતી સુધા મૂર્તિ પાસે કમ્પ્યૂટર શીખવા માટે કન્નડ ભાષામાં છપાયેલ કમ્પ્યૂટરની જાણકારી આપે તેવાં પુસ્તકની માંગણી કરી. તે લોકો વ્યવસ્થિત રીતે અંગ્રેજી ભાષામાં સમજી શકતાં નહતાં. તેથી જો માતૃભાષા કન્નડમાં પુસ્તક મળે તો વધુ સમજી શકાય તેથી આવી માંગણી બાળકે કરી.

**૪. થંડપ્પાએ લેખિકાની આગતાસ્વાગતા કેવી રીતે કરી ?**

થંડપ્પાએ બહેન માટે કોકમના ફળમાંથી બનાવેલ લાલચટ્ટાક શરબત આપ્યું. આવી પરંપરાગત રીતે બહેનની આગતા-સ્વાગતા કરી તેમણે કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત થંડપ્પાએ સુધા મૂર્તિને કહ્યું કે, "બહેન, જેમ આપવામાં આનંદ છે તેમ પ્રેમથી સ્વીકારવામાં પણ એક અનેરી મજા છે. શરબત લો, ના ન પાડતા".

**૫. થંડપ્પાએ પોતાના જન્મજાત સંસ્કાર જાળવ્યા તેથી શ્રીમતી સૂધા મૂર્તિના મનમાં કેવી છાપ પડી ?**

આતિથ્યસત્કારની ફિલસૂફીથી ભરેલી વાતો સાંભળી સુધા મૂર્તિને ખૂબ જ આશ્ચર્ય થયું. "આવા ગાઢ જંગલમાં વયોવૃદ્ધ થંડપ્પા કૃતજ્ઞતાના ભાવ સાથે જન્મજાત સંસ્કાર ભાવના ધરાવે છે." - આ વાત સુધા મુર્તિ માટે યાદગાર બની ગઈ. સુધા મૂર્તિને લાગ્યું કે, "શહેરીજીવન પોકળતાનો પવન અહીં હજુ નથી વાયો". થંડપ્પાના સંસ્કારો જન્મજાત છે.

**૩. આપેલા કોષ્ટકમાંથી સાચો શબ્દ શોધીને ખાલી જગ્યા પૂરો.**

૧. એક વાર લેખિકા કર્ણાટકના ખૂબ જ **અંતરિયાળ** ભાગમાં સહ્યાદ્રિ પર્વતમાળાનાં નાનકડાં ગામોમાં ફરતાં હતાં, ત્યારે ચોમાસું હતું.

૨. આદિવાસીઓના સમૂહને **થંડા** કહે છે.

૩. એક આદિવાસી બાઈ માથા પર પાણીના **બેડાં** લઈ લટકમટક જતી હતી.

૪. એક **વયોવૃદ્ધ** આદિવાસી ભાઈ પોતાની સ્વૈચ્છિક સેવા શાળાને આપતા હતા, કેમક તેમનો પૌત્ર અહીં મફત ભણતો હતો.

૫. શ્રીમતી સૂધા મૂર્તિ ગામડાના બાળકો માટે છત્રીઓ અને **ગણવેશ** નું કાપડ લઈ ગયાં.

**૪. નીચેના વાક્યો 'કોણ બોલે છે ?' અને 'કોને કહે છે ?' તે જણાવો.**

વર્ગખંડના વિદ્યાર્થીઓ પાસે હાથનાં આંગળાં અને મુઠ્ઠી ઉઘાડ-બંધ કરાવો, ત્યારબાદ પ્રમાણમાં સ્થિર બેસવા અંગે સૂચના આપો. શાંતચિત્તે વાક્ય વાંચી વિચારવા અંગે જણાવો.

(ઉપરની કાર્યપ્રણાલી દરમ્યાન પુસ્તક બંધ રાખવું અને વિદ્યાર્થીઓ પાસે સ્મૃતિ-શક્તિથી કામ લેવું. જરૂર પડ્યે શિક્ષક મદદ કરી શકે છે.)

**૧. "કાકા, તમારે અહીં જરૂરિયાત શેની છે ?"**

સુધા મૂર્તિ બોલે છે અને વૃદ્ધ કાકાને કહે છે.

**૨. "બહેન, મુશ્કેલીઓ તો અહીં પાર વગરની છે. બાળકોને ચોમાસામાં નિશાળે જવા-આવવાની જ પહેલી મુશ્કેલી."**

થંડપ્પા બોલે છે અને સુધા મૂર્તિને કહે છે.

**૩. "તમારી બીજી તો શું આગતાસ્વાગતા કરી શકીએ ? આટલું તો તમારે સ્વીકારવું જ પડશે."**

વૃદ્ધ થંડપ્પા બોલે છે અને સુધા મૂર્તિને કહે છે.

**૪. "બહેન, જેમ આપવામાં આનંદ છે તેમ પ્રેમથી સ્વીકારવાની પણ એક અનેરી મજા છે. લો, લો ના ન પાડતાં."**

વૃદ્ધ થંડપ્પા બોલે છે અને સુધા મૂર્તિને કહે છે.

**૫. "તમારી પાસે કોઈ સહેલી ચોપડી હશે, બહેન ?"**

એક વિદ્યાર્થી બોલે છે અને સુધા મૂર્તિને કહે છે.

**૬. "બહેન, નિશાળ કઈ તરફ છે ?"**

સુધા મૂર્તિ બોલે છે અને આદિવાસી બાઈને કહે છે.

## ભાષાજ્ઞાન

**૧. સમાનાર્થી શબ્દો**

| | | | | | |
|---|---|---|---|---|---|
| શીતળ | = | ઠંડુ | નિર્મળ | = | શુદ્ધ |
| ચોપડી | = | પુસ્તક | ઝૂંપડી | = | કૂબો, મઢુલી |

**૨. વિલોમ શબ્દ લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| દૂર | × | પાસે | અભણ | × | ભણેલો |
| જૂનું | × | નવું | થોડી | × | વધારે |

# 4 મિશન ચંદ્રયાન

| | |
|---|---|
| | • વૈજ્ઞાનિકો અને વિજ્ઞાન વિશેની માહિતી મળશે. ભારતની ટેક્નોલોજી વિકાસ |

## સ્વાધ્યાય

### મૌખિક

૧. ગ્રહો એટલે શું ?

ગ્રહો એ અવકાશી પદાર્થ છે જે સૂર્યમાંથી ઉત્પત્તિ પામેલ છે તેમજ સૂર્યની આજુબાજુ ફરે.

૨. 'કુદરતી ઉપગ્રહો' અને 'કૃત્રિમ ઉપગ્રહો' વિશે જણાવો.

કુદરતી ઉપગ્રહો એ ગ્રહોમાંથી ઉત્પન્ન થયેલ એક ભાગ છે જે ગ્રહોની તેમજ અવકાશની પરિક્રમણ કરે છે. ૨૦૦૯ સુધીમાં હજારોની સંખ્યામાં ઉપગ્રહો પૃથ્વીની પરિભ્રમણ કક્ષામાં પ્રક્ષેપિત કરવામાં આવ્યા છે તેને કૃત્રિમ ગ્રહ કહેવાય છે.

### લિખિત

૧. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો.

૧. આપણું ભારત એ કઈ દિશાએ જઈ રહ્યું છે ?

આપણું ભારત એ ખૂબ જ વિકસિત દિશાએ જઈ રહ્યું છે. આજે આપણા દેશની ગણના બીજા વિકાસશીલ દેશો સાથે કરવામાં આવી છે.

૨. કયા કયા દેશોથી મિશન ચંદ્રયાન માટે સાધનો ઉપયોગી બન્યા છે ?

ભારત, યુ.એસ.એ., યુ.કે., જર્મની, સ્વીડન અને બલ્ગેરિયામાં બનેલ કુલ ૧૧ સાધનો ઉપયોગી બની રહ્યા છે.

૩. અવકાશયાન ક્યાં પરિભ્રમણ કરી રહ્યું છે ?

અવકાશયાન ચંદ્રની આસપાસ પરિભ્રમણ કરી રહ્યું હતું.

**૪. ચંદ્રયાન-૧ કયા સ્ટેશનથી લોંચ કરવામાં આવ્યું ? તેનું નામ જણાવો.**

ચંદ્રયાન - ૧ SDSC SHAR સતીશ ધવન, અંતરીક્ષ કેન્દ્ર શાર શ્રી હરિકોટાથી સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું હતું.

**૫. અવકાશયાન સાથેનો સંપર્ક ક્યારે તૂટી ગયો ?**

ઉપગ્રહે ચંદ્રની આસપાસ ૩૪૦૦ થી વધુ ભ્રમણ કરી હતી અને ૨૯ ઑગસ્ટ ૨૦૦૯ના રોજ અવકાશયાન સાથેનો સંપર્ક તૂટી ગયો. ત્યાં મિશન અધુરું રહી ગયું હતું.

**૨. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો.**

**૧. ચંદ્રયાન મિશન પ્રમાણે આપણું ભારત અવકાશ વિજ્ઞાનમાં કઈ રીતે આગળ પડતું છે ? તે જણાવો.**

આજે આપણું ભારત એ ખૂબ જ વિકસિત દિશાએ જઈ રહ્યું છે. આજે આપણા દેશની ગણના બીજા વિકાસશીલ દેશો સાથે કરવામાં આવી છે. તેમજ ધીરે ધીરે આપણો દેશ વિકાસશીલ દેશોથી પણ આગળ વધતો જાય છે. તેમાં મહત્ત્વનો ફાળો અવકાશ વિજ્ઞાન અને વૈજ્ઞાનિકોનો છે. તેમાં મહત્ત્વનો ભાગ આપણા ચંદ્રયાન - ૧, ૨, ૩ ભજવ્યો છે.

**૨. અવકાશયાન ચંદ્ર માટેની કઈ કામગીરી બજાવે છે ?**

અવકાશયાન ચંદ્રની આસપાસ તેની પરિસ્થિતિ, વાતાવરણ જાણવા તેમજ ચંદ્રની રાસાયણિક, ખનિજ અને 'ફોટો-જિયોલોજિક મુવિંગ' માટે ચંદ્રની આસપાસ પરિભ્રમણ કરે છે.

**૩. ચંદ્રયાન-૧ મિશન ક્યારે અને કેવી રીતે પૂર્ણ થયું ?**

ચંદ્રયાન - ૧ એ મુખ્ય મિશનના બધા જ ઉદ્દેશ્યોને સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી, મે ૨૦૦૯માં ભ્રમણ કક્ષાને વધારીને ૨૦૦ કિમી કરવામાં આવ્યું. આમ ઉપગ્રહે ચંદ્રની આસપાસ ૩૪૦૦ થી વધુ ભ્રમણા કરી હતી અને ૨૯ ઑગસ્ટ ૨૦૦૯ના રોજ અવકાશયાન સાથેનો સંપર્ક તૂટી ગયો ત્યાં મિશન અધૂરું રહી ગયું હતું.

**૪. ચંદ્રયાન-૨નો મુખ્ય ઉદ્દેશ જણાવો તેમજ તેના મશીનરી ભાગો ક્યાં બનાવવામાં આવેલા ?**

ચંદ્રયાન - ૧ ના બાદ બીજું મિશન ચંદ્રયાન - ૨ શરૂ કર્યું. તેમાં ચંદ્ર ઉપર ભ્રમણ કરવા માટે લેન્ડર અને પ્રજ્ઞાન રોવરનો પણ સમાવેશ કર્યો. આ ચંદ્રયાનના મુખ્ય બધા જ મશીનરી ભાગો ભારતમાં જ બનાવવામાં આવ્યા હતા. તેમનો મુખ્ય ઉદ્દેશ ચંદ્રની જમીન પર કંઈ પણ ફેરફાર છે કે નહીં તેમજ નહીં તે હતો. ચંદ્રયાન દ્વારા કેટલાંક ફોટા પાડવામાં આવેલ છે. આમ બધી માહિતી મેળવવી એ મુખ્ય ઉદ્દેશ્ય છે.

**૫. ચંદ્રયાન-૩ ક્યારે અને કેવી રીતે સફળ થયું ?**

૬ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ લેન્ડ કરવાના પ્રયાસ કરતી વખતે લેન્ડર તેના નિશ્ચિત કરેલા માર્ગથી

ભટકી જતા 'ક્રેશ' થઈ ગયું. ISRO એ ૧૪, જુલાઈ, ૨૦૨૩ માં ચંદ્રયાન - ૩ ની લેન્ડિંગના ફરી પ્રયાસો કર્યા, ૨૩, ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ સાંજે ૬ : ૦૪ સુધી ચંદ્રયાન - ૩ એ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ખૂબ જ સફળતાપૂર્વક પોતાનું સ્થાન ગ્રહણ કર્યું.

**૩. નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ લખો.**

**૧. ચંદ્રયાન-૧ વિશે માહિતી આપો.**

ચંદ્રયાન - ૧ એ ચંદ્ર પરનું ભારતનું પ્રથમ મિશન, ૨૨ ઑક્ટોબર, ૨૦૦૮ના રોજ SDSC SHAR સતીશ ધવન, અંતરીક્ષ કેન્દ્ર શાર શ્રી હરિકોટાથી સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યું હતું. અવકાશયાન ચંદ્રની રાસાયણિક, ખનીજ અને 'ફોટો – જિયોલોજિક મુવિંગ' માટે ચંદ્રની આસપાસ પરિભ્રમણ કરી રહ્યું હતું. મુખ્ય મિશનના બધા જ ઉદ્દેશ્યોને સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી, મે ૨૦૦૯માં ભ્રમણ કક્ષાને વધારીને ૨૦૦ કિમી કરવામાં આવ્યું. આમ ઉપગ્રહે ચંદ્રની આસપાસ ૩૪૦૦ થી વધુ ભ્રમણા કરી હતી અને ૨૯ ઑગસ્ટ ૨૦૦૯ના રોજ અવકાશયાન સાથેનો સંપર્ક તૂટી ગયો ત્યાં મિશન અધૂરું રહી ગયું હતું.

**૨. ચંદ્રયાન-૨ વિશે માહિતી આપો.**

ચંદ્રયાન - ૧ પછી ISRO નું ચંદ્રની સપાટી પર જઈને સંશોધન માટેનું બીજું મિશન ચંદ્રયાન - ૨ શરૂ કર્યું. તેમાં ચંદ્ર ઉપર ભ્રમણ કરવા માટે લેન્ડર અને પ્રજ્ઞાન રોવરનો પણ સમાવેશ કર્યો. આ ચંદ્રયાનના મુખ્ય બધા જ મશીનરી ભાગો ભારતમાં જ બનાવવામાં આવ્યા હતા. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય ચંદ્રની જમીન પર કંઈ પણ ફેરફાર છે કે નહીં તેમજ ચંદ્ર ઉપર વિપુલ પ્રમાણમાં પાણી પ્રાપ્ત થાય છે કે નહીં તે હતો. ચંદ્રયાન દ્વારા કેટલાંક ફોટા પાડવામાં આવેલ છે. ફોટા દ્વારા તેનો અભ્યાસ કરવામાં આવે છે.

આમ ૨૨, જુલાઈ ૨૦૧૯ના રોજ LVM – 3M1 રૉકેટ દ્વારા આંધ્રપ્રદેશમાં સતીશ ધવન સ્પેસ ખાતે બીજા લોન્ચ પેડ પરથી ચંદ્રયાન - ૨ મિશન અવકાશ પર લોન્ચ કરવામાં આવ્યું. અંતે ૨૦ ઑગસ્ટ ૨૦૧૯ના રોજ તે ચંદ્રની વિક્રમ લેન્ડરના ઉતરાયણ માટે ભ્રમણ કક્ષાની સ્થિતિ નક્કી કરવાની કવાયત શરૂ થઈ હતી.

૬ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ લેન્ડ કરવાના પ્રયાસ કરતી વખતે લેન્ડર તેના નિશ્ચિત કરેલા માર્ગથી ભટકી જતા 'ક્રેશ' થઈ ગયું.

**૩. ચંદ્રયાન-૩ ની સફળતા વિશે આપણા દેશનું વિશ્વસ્તરે કયું સ્થાન છે ? વિસ્તૃત જણાવો.**

ચંદ્રયાન - ૩ તેના ત્રણે મૉડ્યુલનો સમાવેશ થાય છે. (૧) પ્રણોદય મોડ્યુલ (૨) લેન્ડર મોડ્યુલ (૩) સેવર મોડ્યુલ આ બધા મોડ્યુલ ચંદ્રયાન - ૩ ને સૉફ્ટ લેન્ડિંગ (સફળતા પૂર્વક ચંદ્રની સપાટી

પર ઉતારવા) અને બીજા અન્ય કાર્ય કરવા માટે રાખવામાં મદદ કરી. ચંદ્રયાન - ૩ માટે ઈસરોના વૈજ્ઞાનિકોની દિવસ રાત ૧૭૫૨ કલાકની મહેનત કામ લાગી છે. ઈસરોના અધ્યક્ષ એસ. સોમનાથની સાથે સાથે ચંદ્રયાન - ૩ મિશનના ડાયરેક્ટર ડૉ. ઋતુ કારિધાલ છે. વિક્રમ લેન્ડર અને પ્રજ્ઞાન રોવર દ્વારા ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સફળતા પૂર્વક ચંદ્રયાન - ૩ ને લેન્ડ કરનાર વિશ્વમાં સર્વપ્રથમ દેશ તરીકે ભારતની આજે ગણના થાય છે.

## ભાષાજ્ઞાન

### ૧. સમાનાર્થી શબ્દો

| | | | | | |
|---|---|---|---|---|---|
| વિકસિત | = | વિકાસશીલ | ભ્રમણ | = | ફરવું (ગોળ ફરવું) |
| પ્રથમ | = | અગ્રિમ | આસપાસ | = | આજુ - બાજુ |

### ૨. વિરોધી શબ્દો લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| અવિરામ | × | વિરામ | તોફાની | × | ડાહ્યો |
| મુખ્ય | × | ગૌણ | દેશ | × | વિદેશ |
| આકાશ | × | પાતાળ | વિપુલ | × | અલ્પ |

## વિષય સંવર્ધન પ્રવૃત્તિ (Creative Activities)

# 5 આંધળી માનો કાગળ

| | |
|---|---|
| | • પરદેશ કમાવા ગયેલ પુત્રને હૃદયની પીડાનું વર્ણન કરતો કાગળ લખાવી [illegible] દયનીય લાચારીનું વર્ણન કરતો પત્ર લખે એ ભાવ |

## સ્વાધ્યાય

### મૌખિક

**૧. આપણા જીવનમાં 'માતા'નું શું સ્થાન છે ?**

આપણા જીવનમાં માતાનું સ્થાન સહુથી ઊંચું છે, પૂજનીય છે.

**૨. માતા આપણને કઈ-કઈ બાબતોમાં સાથ આપે છે ?**

શૈશવ અવસ્થામાં તેમજ તમામ વયમાં માતા આપણું ખૂબ જ ધ્યાન રાખે છે. જીવનમાં ચડતી-પડતી આવે ત્યારે પ્રોત્સાહન માતા જ આપે છે.

**૩. માતા આપણને કેવી-કેવી વાનગીઓ બનાવીને જમાડે છે ?**

માતા આપણને પૂરણપોળી, લાડવા, દાળ-ભાત-શાક, રોટલી-ઢેબરાં, જાતજાતની વાનગી બનાવી જમાડે છે.

### લિખિત

**૧. સાચા ઉત્તર સામે ✓ નું નિશાન કરો.**

**૧. ડોશીનો ગગો ક્યાં કામ કરવા માટે ગયો હતો ?**

☐ પૂનામાં ☑ મુંબઈમાં ☐ અમદાવાદમાં ☐ નાસિકમાં

**૨. ડોશીમા કોની પાસે પત્ર લખાવે છે ?**

☐ શેઠ અમૃતચંદ પાસે ☐ શાહુકાર ધનીરામ પાસે

☐ રામુકાકાની દીકરી ચંદા પાસે ☑ પૂનમચંદના પાનિયા પાસે

**૩. કેટલા સમયથી દીકરાએ આંધળી માતાને એક પાઈ પણ મોકલાવી નથી ?**

☐ દસ મહિનાથી ☐ ત્રણ વર્ષથી

☑ પાંચ વર્ષથી ☐ અગિયાર દિવસથી

**૪. પૈસાના અભાવમાં ડોશીમાએ શું-શું વેચી દીધું ?**

☐ ગાય-ભેંસ-બળદ ☐ પાળેલાં કૂતરાં

☐ મોતીની માળાઓ ☑ ખોરડું અને ખેતર

**૫. ભાણિયાએ ડોશીમાને શું સમાચાર આપ્યા ?**

☑ ગીગુ આખો દિવસ કામ કરવા જાય ને રાતે હોટલમાં જમે, નવાં-નવાં કપડાં પે'રે ને પાણીની જેમ પૈસા વાપરે છે.

☐ ગીગો ખાસ કંઈ કમાતો નથી.

☐ ગીગો મોટો શેઠ બની ગયો છે.

☐ ગીગાએ નવી મોટરકાર ખરીદી છે.

૧. **નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

**૧. ડોશીમા પૂનમચંદના પાનિયા પાસે પત્ર કેમ લખાવે છે ?**

ડોશીમા આંધળા હોવાથી પૂનમચંદના પાનિયા પાસે પત્ર લખાવે છે.

**૨. પૈસાની તંગીને કારણે આંધળી માતાની હાલત કેવી થઈ ગઈ છે ?**

પૈસાની તંગીને કારણે આંધળી માતાએ ખેતર અને ખોરડાં વેચીને કૂબામાં વસવાટ કરવો પડ્યો છે.

**૩. ભાણિયાએ આવીને આંધળી માતાને શા સમાચાર આપ્યા ?**

ભાણિયાએ આવીને ડોશીમાને કહ્યું કે ગીગુ આખો દિવસ કામ કરવા જાય ને રાતે હોટલમાં જમે, નવાં-નવાં કપડાં પે'રે ને પાણીની જેમ પૈસા વાપરે છે.

**૪. ડોશીમા દીકરાને શી ફરિયાદ કરે છે ?**

ડોશીમા દીકરાને ફરિયાદ કરે છે કે ખેતર ખોરડાં વેચીને કૂબામાં વસવાટ કરવો પડ્યો છે. મારે જાર ખાવી પડે છે. ઘરમાં વીજળી દીવા પણ નથી. આંધળી છું એટલે કોઈ કામકાજ પણ મળતું નથી. શરીરે ઢાંકવા પૂરતું વસ્ત્ર પણ રહ્યું નથી. ભીખ માંગવાનો વારો આવ્યો છે કારણ કે કોઠીએ જાર પણ ખૂટી પડી છે.

**૫. આંધળી મા દીકરાને શી ભલામણ કરે છે ?**

આંધળી મા દીકરાને ભલામણ કરે છે કે, ''ખર્ચનું માપ રાખીને રહેજે, હોટલનું ઝાઝું ખાઈશ નહિ, માંદો પડશે તો દવા-દારૂ કરવાના પૈસા ક્યાંથી કાઢીશું ? આપણા ગરીબની મૂડી તંદુરસ્ત 'કાયા' જ છે માટે સાચવજે''.

૩. **નીચેના વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

૧. કાવ્યમાં 'ઘર' માટે 'ખોરડું' શબ્દ વપરાયો છે. (ખરું)

૨. ડોશીમા આંધળા હોવાથી તેમને એક જગ્યાએ બેસીને મીણબત્તીઓ બનાવવાનું કામ 'મહિલા ગૃહઉદ્યોગ કેન્દ્ર' ખાતે મળ્યું છે. (ખોટું)

૩. ખાવા માટે જારનો રોટલો ન મળે ત્યારે માત્ર ખીચડી-કઢી ખાઈને જ ડોશીમાંને ચલાવવું પડે છે. (ખોટું)

૪. 'અમૃત' શબ્દ માટે કાવ્યમાં 'અમરિત' શબ્દ પ્રયોજ્યો છે. (ખોટું)

૫. ખેતર અને ખોરડું વેચીને આંધળી માએ 'કૂબા'માં વાસ કર્યો છે. (ખરું)

૪. નીચેની કાવ્યપંક્તિઓનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

"ખોરડું વેચ્યું ને ખેતર વેચ્યું, કૂબામાં કર્યો છે વાસ,
જારનો રોટલો જડે નહિ, તે દિ' પીઉં છું એકલી છાશ,
તારે પકવાનનું ભાણું, મારે નિત જારનું ખાણું."

ભાવાર્થ : ખોરડું વેચાઈ ગયું છે ને ખેતર વેચાઈ ચૂક્યું છે. મેં કૂબામાં વાસ કર્યો છે. જે દિવસે જારનો રોટલો ન મળે તે દિવસે એકલી છાશ પીને દિવસ કાઢું છું. તું મુંબઈ શહેરમાં નિત્ય-નિત્ય પકવાન જમે છે અને અહીં હું (સૂકી) જુવારનું સાદું ભોજન માંડ-માંડ જમું છું. અત્યંત ખરાબ દિવસો આવ્યા છે.

## ભાષાજ્ઞાન

૧. કાવ્યને આધારે નીચેના શબ્દોની જોડણી સુધારા

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમરિત | - | અમૃત | ડોસી | - | ડોશી |
| નીત | - | નિત | વિજળિદિવા | - | વીજળીદીવા |
| અનરત | - | અંતર | પુનમચનદ | - | પૂનમચંદ |
| દરણાં | - | દળણાં | ઠાંકણ | - | ઢાંકણ |
| કોઢી | - | કોઠી | જારા | - | જાર |
| કુબો | - | કૂબો | ઢામેઢામ | - | ઠામેઠામ |
| લીખીતનગ | - | લિખિતંગ | મંબઈ | - | મુંબઈ |
| આંધરી | - | આંધળી | | | |

દિવસ

# સર્વનામના પ્રકાર :-

* સર્વનામ - નામને બદલે વપરાતા પદને સર્વનામ કહે છે.
→ સર્વનામના છ (6) પ્રકાર છે.

1) પુરુષવાચક સર્વનામ - જુદી - જુદી વ્યક્તિઓ કે પુરુષોને દર્શાવવા માટે વપરાતા સર્વનામને પુરુષવાચક સર્વનામ કહે છે.

| | એકવચન | બહુવચન |
|---|---|---|
| પ્ર. પુ. | હું, મારાથી, મારું, મારામાં | અમે, અમને, અમારું, અમારાથી, અમારામાં |
| બી. પુ. | તું, તમે, તારાથી, | તમે, તમને, તમારું, તમારામાં |
| ત્રી. પુ. | તે, તેને, તેનાથી, તેનામાં, તેનું | તેઓ, તેઓને, તેઓથી, તેઓનું, તેઓમાં |

2) સાપેક્ષ સર્વનામ - પ્રાણી કે પદાર્થના નામ (સંજ્ઞા)ને બદલે વપરાયેલા એક-બીજાની અપેક્ષા રાખતા જોડકાં જોડકાં કે છે. તેથી તેને સાપેક્ષ સર્વનામ કહે છે.

ઉદાહરણ
1) જે મળે તે ખાય.
2) જેવું કરે તેવું પામે

3) પ્રશ્નવાચક સર્વનામ - નામ (સંજ્ઞા)ને બદલે વપરાતા અને પ્રશ્ન પૂછવા માટે ઉપયોગમાં લેવાતા પદોને પ્રશ્નવાચક સર્વનામ કહે છે.

ઉદાહરણ
કોણ, શું, ક્યું વગેરે...
1) → આ ઓરડામાં કોણ હતું છે?
→ તમારે શું જોઈએ છે?

PAGE NO. ______
DATE: ______

4) દર્શક (વાચક) સર્વનામ - પાસેની કે દૂરની પ્રત્યક્ષ વસ્તુ કે વ્યક્તિ દર્શાવવા માટે વપરાતા સર્વનામને દર્શકવાચક સર્વનામ કહે છે.

ઉદાહરણ
આ, પેલું, વગેરે...
→ તમને કઈ ચાદર ગમી? આ કે પેલી?
→ જુઓ, એ દેખાય છે.

---

5) અનિશ્ચયવાચક સર્વનામ - જે સર્વનામ વડે ચોક્કસ વ્યક્તિ કે પદાર્થનો અર્થ સૂચવાતો નથી અર્થાત્, જેનો નિર્દેશ અનિશ્ચિત છે, તેને અનિશ્ચયવાચક સર્વનામ કહે છે.

ઉદાહરણ
કંઈક, કોઈ, દરેક, સહુ, ફલાણો, બીજુ, વગેરે...
→ પિતાજી થેલીમાં કંઈક લાવ્યા. તેમે કહ્યું એ દરેકને લાગુ પડે છે.
→ તમે કંઈક તો લાવો. કોન્યાં કોઈ આપ્યું હતું.

---

6) સ્વવાચક સર્વનામ - જે સર્વનામ પુરુષવાચક સર્વનામની સાથે વપરાઈને તેને પોતાના ઓળખાવે છે તેને સ્વવાચક સર્વનામ કહે છે.

ઉદાહરણ
→ પોતે, જાતે, જાતે, વગેરે..., મેળે
→ મેં જાતે જમવાનું બનાવ્યું.
→ અમે પોતે આમંત્રણ આપ્યું.

---

SUPER
PAGE NO:
DATE:

## સ્વાધ્યાય...

* આપેલા વાક્યોમાં સર્વનામ શોધી તેનો પ્રકાર લખો.

1. ત્યાં કોણ છે? → પ્રશ્નવાચક સર્વનામ
2. પેલી ગાય સફેદ રંગની છે. → દર્શકવાચક સર્વનામ
3. તેઓ રમે છે. → પુરુષવાચક સર્વનામ
4. જેવુ વાવો તેવુ લણો → સાપેક્ષ સર્વનામ
5. પાણીમાં કંઈક પડ્યું છે. → અનિશ્ચયવાચક ~~વાચક~~સર્વનામ
6. મેં પોતે આ ચિત્ર દોર્યુ છે. → સ્વવાચક સર્વનામ

1. ત્યાં કોણ છે? → પ્રશ્નવાચક સર્વનામ
2. પેલી ગાય સફેદ રંગની છે. → દર્શકવાચક સર્વનામ
3. તેઓ રમે છે. → પુરુષવાચક સર્વનામ
4. જેવું વાવો તેવું લણો → સાપેક્ષ સર્વનામ
5. પાણીમાં કંઈક પડ્યું છે. → અનિશ્ચયવાચક વાચકસર્વનામ
6. મેં પોતે આ ચિત્ર દોર્યું છે. → સ્વવાચક સર્વનામ

# * કાળના પ્રકાર :

⇒ કાળના ત્રણ પ્રકાર છે.

1) વર્તમાનકાળ:- જે વાક્યમાં ક્રિયા ચાલુ હોવાનો નિર્દેશ તે 'વર્તમાન કાળ' સૂચવે છે.

ઉ.દા. → જાય છે, પીવે છે, દોડે છે, રમે છે, વગેરે... વર્તમાનકાળ બતાવે છે.

---

2) ભૂતકાળ :- જે વાક્યમાં ક્રિયા પૂર્ણ થવાનો નિર્દેશ હોય તે વાક્ય 'ભૂતકાળ' સૂચવે છે.

ઉ.દા. → જોયું, પડ્યો, રડતો હતો. જાતો હતો, પૂછ્યું, વગેરે.. 'ભૂતકાળ' દર્શાવે છે.

---

3) ભવિષ્યકાળ :- જે વાક્યમાં ક્રિયા થવાની સંભાવનાનો નિર્દેશ હોય તે વાક્ય 'ભવિષ્યકાળ' સૂચવે

ઉ.દા. → આવશે, રમશે, જાશે, જગાવશે. જશે, વગેરે... 'ભવિષ્યકાળ' દર્શાવે છે.

## સ્વાધ્યાય...

* નીચેના વાક્યો યોગ્ય કાળનો ઉપયોગ કરીને પૂરા કરો.

ગયા વર્ષે હું ગલતેશ્વર ગયો હતો.
1. આજે શાળામાં પરીક્ષા હશે./હતી./છે.
2. આવતા મહિનાથી શાળાઓમાં રજા હશે.
3. ભૂપરામ ભટ્ટ ગઈ કાલે પોતાને ગામ ગયા.
4. હું ~~કાક~~ કાકાને ઘેરથી ઈંદોર ઊંકુ છું.
5.

* નીચેના વાક્યોમાં કાળ ઓળખાવો.

નવા વર્ષની પાર્ટીમાં મને કોણ લઈ જશે? - ભવિષ્યકાળ
1. મેં ગવર્નરને પત્ર લખ્યો. - ભૂતકાળ
2. મારા વતનની વાત કરી રહ્યો છું. - વર્તમાનકાળ
3. તે મને શીખવે છે. - વર્તમાન કાળ
4. સાંજ સુધામાં તેઓ અહીં પહોંચી જશે - ભવિષ્યકાળ
5.

ધોરણ આઠ માં ગુજરાતી સેકન્ડ લેંગ્વેજમાં પીએટુ ના નિબંધો આ પ્રમાણે છે

**મારો દેશ ભારત**

**મુદ્દાઓ**

૧,પૃથ્વી પર ભારત દેશનું સ્થાન .

૨,ભારત દેશ માં વિવિધ ધર્મ અને જાતિના લોકો વિશે જાણકારી .

૩,ભારત દેશની પવિત્ર નદી, પવિત્ર સ્થાન અને મોટા શહેરો, પહાડો વિશે જાણકારી

૪,ભારત દેશમાં જોવાલાયક ઇમારતો, મંદિરો, ગુફાઓ અને ભારત દેશમાં જન્મેલા મહાપુરુષો વિશે જાણકારી.

૫,ભારત દેશ ક્યારે આઝાદ થયો અને વર્તમાન સમયમાં ભારત દેશ એક વિકસિત દેશ તરીકે તેની પ્રગતિ વિશે જાણકારી.

નિબંધ ૨

મારા પ્રિય વૈજ્ઞાનિક

૧,વૈજ્ઞાનિક નું નામ તેમનો જન્મ

૨,વૈજ્ઞાનિકોનું શિક્ષણ

૩,વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલી શોધ વિશે જાણકારી

૪,એમનું અવસાન

पत्रलेखन

# પત્રલેખન

પત્રલેખનના પ્રકાર ક્યા છે?
* → પત્રલેખનના બે પ્રકાર છે.
1) ઔપચારિક 2) અનૌપચારિક (ખાનગી પત્ર)

ઔપચારિક પત્ર:-
* → ઔપચારિક પત્ર એટલે કાર્યાલયને લગતા કામમાં, વ્યાવસાયિક કે સરકારી પત્ર.

અનૌપચારિક (ખાનગી) પત્રલેખન:-
* → અનૌપચારિક એટલે કે સગાસંબંધીઓ, મિત્રો કે સ્નેહીઓનો લગતાં પત્રો.

* સુરતમાં આવેલી 'દૂધ સાગર' ડેરી'ની મુલાકાત લેવાની માટેની મંજૂરી માંગતો પત્ર ડેરીના મેનેજિંગ ડિરેક્ટરને લખો.

3, ઘીતાપાર્ક સોસાયટી,
વિકાસગૃહ રોડ,
ફતેહનગર - અમદાવાદ
પીનકોડ - 380007
તા. - 3/7/25

પ્રતિ,
મેનેજિંગ ડિરેક્ટરશ્રી,
દૂધસાગર ડેરી - સુરત.

વિષય- દૂધસાગર ડેરીની મુલાકાત લેવા અંગે.

માનનીય શ્રી,
સવિનય નમસ્કાર,

હું અમદાવાદની એક જાણીતી શાળામાં દસમાં ધોરણમાં અભ્યાસ કરું છું. સરકારી ધોરણે દૂધ ઉત્પાદનની પ્રવૃત્તિ કેવી રીતે થાય છે તે જાણવામાં મને અને મારા સહાધ્યાયીઓને ઊંડો રસ છે. વળી, આ વિષય અમારા અભ્યાસક્રમમાં પણ સામેલ કરવામાં આવ્યો છે.

હજુ સુધી અમે કોઈ ડેરીની મુલાકાત લીધી નથી. દૂધસાગર ડેરી વિશે અમને અમારા પ્રિય શિક્ષકોએ ઘણી બધી માહિતી આપી છે. તેથી આ ડેરીની મુલાકાત લેવાનું અમે નક્કી કર્યું છે.

અમારા શૈક્ષણિક હેતુને ધ્યાનમાં રાખી અમને આ ડેરીની મુલાકાત લેવાની મંજૂરી આપના આપવા તમને નમ્ર વિનંતી છે. અમારી વિનંતી માન્ય રાખવામાં આવશે તો અમે આપના ખૂબ આભારી રહીશું.

આપને તથા આપના સ્ટાફને અમારા તરફથી કોઈ જ તકલીફ નહીં પડે તેથી અમે આપને પૂરેપૂરી ખાતરી આપીએ છીએ.

લી.
આપની કૃપાભિલાષી,
કાંજી કાલસરીયા.